# અરવલ્લીમાં એલસીબી પોલીસે બે ફરાર આરોપીઓ દબોચી લીધા

મોડાસા, તા. ૧૩

અરવલ્લીમાં રાજ્ય સરકાર અને ડીજીપીના આદેશથી અરવલ્લીમાં ડ્રાઈવ હાથ ધરતા જિલ્લા એલસીબીએ જુદા જુદા ગુનાઓ આચરી નાસતા ફરતા બે આરોપીને દબોચી લઈ જેલના હવાલે કરી દીધા હતા. જયારે મેઘરજ પોલીસ સ્ટેશનના ગુનામાં પશુ ક્રુરતા અધિનિયમ ક.૧૧(બી)મુજબના કામનો નાસતો ફરતો આરોપીને એલસીબીના નરેન્દ્રસિંહ પદમસિંહ અને વિરભદ્રસિંહ આરોપી અલ્લારખા નાથુભાઈ મુલતાની રહે. હાલ મદની સોસાયટી ડુંગરવાડા રોડ, મોડાસા દબોચી લીધા હતો. જયારે બાયડ પોલીસ સ્ટેશનમાં ગુનામાં સંડોવાયેલા છેલ્લા કેટલાક સમયથી પોલીસેને થાપ આપતો આરોપી કરણસિંહ પ્રભાતસિંહ સોલંકી રહે. લેટર, તા. કપડવંજ, જી.ખેડાનાને કાવઠ પાટિયા પાસેથી દબોચી લીધા હતા. બંને આરોપીને બાતમીના આધારે એલસીબીના હરેશભાઈ એલસીબી સ્ટાફનાનરેદ્રસિંહ તેનજ વિરભદ્રસિંહએ વોચ ગોઠવીને બંને આરોપીને મેઘરજ અને બાયડ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.





## ઊંઝાના સુણોકમાં ચોકીદારને ધમકી આપી ૭૦ હજારની વરિયાળીની ચોરી

ઊંઝા, તા. ૧૩

ઊંઝા તાલુકાના સુણોક ગામની સીમમાં આવેલ એક ગોડાઉનમાં વહેલી પહોરના સમયે ત્રાટકેલા ચાર અજાણ્યા શખ્સોએ ચોકીદારને ધમકી આપી ગોડાઉનનું તાળુ તોડી અંદરથી રૂપિયા ૭૦ હજારની કિંમતની મત્તાની વરિયાળી ભરેલ ૨૦ બોરીઓ ડાલામાં લાવીને ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બનેલ છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના સુણોક ગામની સીમમાં કુશલ કોર્પોરેશનના ગોડાઉન આવેલ છે. આ ગોડાઉન પર રાત્રિના સમયે ચોકિયાત દેખરેખ રાખી રહ્યા હતા ત્યારે ગત તા. ૩જી ડિસેમ્બરના રોજ વહેલી પરોઢના સમયે ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા અને ચોકિયાતને ધમકી આપી એક બાજુ બેસાડી દીધા હતા. ત્યારબાદ આ શખ્સોએ ગોડાઉન નં. ૨નું તાળુ તોડી અંદર પ્રવેશ કરી વરિયાળીની ૨૦ બોરીઓ ડાલામાં ભરીને ક્યાંક નાસી છુટ્યા હતા. ચોરાયેલ વરિયાળીની કિંમત ૭૦ હજાર રૂપિયા થવા જાય છે. ગત તા. ૩જી ડિસેમ્બરના રોજ બનેલ આ બનાવની ફરિયાદ દસેક દિવસ બાદ નોંધાઈ છે. આ બનાવ અંગે ઉનાવા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉનાવા પો. સ્ટે.ની હદમાં છેલ્લા કેટલાય વખતથી ગુનાખોરી વકરતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. યાત્રાસ્થળ ઉનાવામાં દારૂ જુગારની ગેરકાયદે પ્રવૃત્તિઓ તેમજ નશીલા પદાર્થોનું વેચાણની બદી વધી જતા લોકોમાં પોલીસની છબી ખરડાઈ છે.

# મહેસાણા પાલિકાની સાધારણ સભામાં તુંતું-મેંમેંની સ્થિતિ સર્જાઈ

## મહેસાણા પાલિકા કમિટીની રચના

મહેસાણા, તા. ૧૩

મહેસાણા નગરપાલિકામાં આજે સાધારણ સભામાં પ્રોસેડિંગના વાંચન સહિત બહાલી લેવા બાબતે તું તું મેમે જેવી સ્થિતિનું નિર્માણ થવા ગયું હતું. જ્યારે આજે ઘણા સમય બાદ વિવાદમાં રહેલી કોંગ્રેસ શાસિત નગરપાલિકામાં કમિટીની ચર્ચા મુદ્દે ભારે ઉત્તેજના હતી. જે આજે કોંગ્રેસના વિહિપને પ્રમુખે બોર્ડ સમક્ષ વંચાણે લઈને બહાલી રાખતા તમામ કોંગ્રેસની સમિતિ સહિત કમિટીની રચના થવા ગઈ હતી. જ્યારે પાલિકા પ્રમુખે આ વખતે લોકસભા પહેલા વિકાસના કામ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.



મહેસાણા નગરપાલિકામાં ચૂંટણીના પરિણામની સીધી અસર જોવા મળી હતી જેમાં કોંગ્રેસના તમામ સભ્યો કમિટી અને ચેરમેન સહિતના હોદ્દા લેવા માટે ખેંચતાણ કરતા કમિટીની રચના ૬ માસથી થવા જતી ન હતી. જેને લઈને પાલિકાનું કામ ખોરંભે પાડવા ગયું હતું. આજે પાલિકાના બોર્ડ રૂમમાં સાધારણ સભા યોજવામાં આવી હતી જેમાં પ્રથમ ગત બોર્ડનું પ્રોસેડિંગને ભાળ રાખવાના મુદ્દે કોંગ્રેસના સભ્યો સામે વિરોધ પક્ષના નેતા ભાજપ આમને સામને આવી ગયા હતા અને બોર્ડ રૂમમાં ગરમાવો આવી જતા તમામ પ્રોસેડિંગમાં ૧૧ મૂળ સિવાયના તમામ મુસદ્દાને આવતા બોર્ડમાં લઈ જવા માટે મંજુરી મળી હતી અને છેલ્લા ૬ માસથી લટકતો કમિટીનો પ્રશ્ન વંચાણે લેવા માટે તજવીજ કરવામાં આવી હતી. જેમાં કોંગ્રેસના વિહિપમાં બંધ કવરમાં કમિટીના સભ્યો સહિત ચેરમેનની રચનાના મુદ્દે ભાળ રાખવામાં આવી હતી. અને તે વિહિપને પાલિકા પ્રમુખે સભાખંડ સમક્ષ વાંચ્યો હતો. જેમાં કારોબારી સહિત તમામ કમિટીની આજે રચના થવા ગઈ હતી. જેમાં ઘણા સમયથી વિવાદો ચાલી રહ્યા હતા. કોંગ્રેસની કરોબારી સહિત સમિતિની રચના થઈ હતી. કારોબારી સમિતિ તરીકે નવીનભાઈ પટેલની નયુક્તિ સર્વાનુંમતે થઈ હતી અને ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન તરીકે સ્મિતાબેન જહાની નિયુક્તિ સર્વનું માટે કરવામાં આવી હતી. જ્યારે બંધ કવરમાં આવેલ કમિટીને જોતા કોંગ્રેસનો કકળાટ આજે શાંત પડ્યો હતો.

# અંબાજી ખાતે ભોઈ સમાજની સમાજભવન માટે ભૂમિદાન એકત્ર કરતા મોડાસા ક્રાન્તિદળના સદસ્યો



અરવલ્લી જીલ્લામાં ભોઈ સમાજના શિક્ષણ, સંગઠન અને વિકાસ માટે છેલ્લા બે વર્ષથી ગુજરાત ભોઈ સમાજ ક્રાંતિદળ સેવા ટ્રસ્ટના યુવાનો અને વડીલોની ટીમ સંયુક્ત રીતે કાર્ય કરી રહી છે. અંબાજી ખાતે નિર્માણ માટે યથાગ પ્રયત્નો થકી મળેલ ભૂમિ માટે અરવલ્લી જીલ્લા ભોઈ સમાજ ક્રાંતિદળના પદાધિકારીઓ દ્વારા જીલ્લામાં ભોઈ સમાજ વસવાટ કરતા ગ્રામ્ય વિસ્તારોમાં મેઢાસણ, સરડોઈ, ટીંટોઈ, નાંદીસણ, દધાલિયા, આકરૂન્દ અને સાબરકાંઠાના રણાસણ ઘરે-ઘરે ફરીને ભૂમિદાન એકત્રીકરણ કરી રહ્યા છે જેમાં ભોઈ સમાજના લોકો ઉત્સાહ સાથે દાન કરી રહ્યા છે.

## ધનસુરા પરબડી ચોકથી નવોદય વિદ્યાલય રોડ ઉપર બમ્પ બનાવવા માંગ

ધનસુરા, તા. ૧૨

ધનસુરા સ્મશાનગૃહથી પરબડી ચોક થઈ નવોદય વિદ્યાલય સુધી જતા રોડ ઉપર નવોદય વિદ્યાલય નજીક એક બમ્પની જરૂર છે. બેફામ દોડતા વાહનોની સ્પીડ કંટ્રોલ કરવી જરૂરી છે. શાળામાં જતા વિદ્યાર્થીઓ અને રાહદારીઓ ક્યારેક મુશ્કેલી અનુભવે છે. અણીયોર રોડને જોડતા આ રોડ થઈ ધનસુરા રોડ ઉપર મધ્યરાત્રિએ કપચી ભરેલ લોડેડ ડમ્પરીયાની વણઝાર લાગે છે. મોડી રાત્રે જતા આ ડમ્પરીયાનું ચેકીંગ જરૂરી છે. સત્વરે આ રોડ ઉપર ધનસુરા ગામ જતા રોડ ઉપર બમ્પ બનાવવામાં આવે અને અડધી રાત્રે કપચી ભરી જતા ડમ્પરીયાનો કંટ્રોલ જરૂરી છે.

# રૂપાણીની સરકારની પ્રથમ વર્ષગાંઠ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં રૂપાણી સરકાર તેમની બીજી અવધિના પ્રથમ વર્ષની ઉજવણી કરવા માટેની તૈયારીમાં છે. ૨૫મી ડિસેમ્બરથી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. પ્રધાનોની પેનલ દ્વારા કાર્યક્રમો ઉપર નજર રાખવામાં આવશે. જો કે, જસદણના પરિણામ પણ કેટલીકરીતે મહત્વપૂર્ણ બની રહેશે. જસદણ પેટાચૂંટણી ૨૦મી ડિસેમ્બરના દિવસે યોજાશે અને પરિણામ ૨૩મી ડિસેમ્બરના દિવસે જારી કરાશે. ઉજવણીને લઈને કેટલાક પ્રશ્નો પણ છે પરંત સરકાર પ્રથમ વર્ષની ઉજવણી કરવા માટે સજ્જ થઈ ચુકી છે. ૨૫મી ડિસેમ્બરથી શરૂ કરવામાં આવ્યા બાદ એક સપ્તાહ સુધી ઉજવણીનો દોર ચાલશે. અત્રે નોંધનીય છે કે, ૨૬મી ડિસેમ્બર ૨૦૧૭ના દિવસે રૂપાણી અને તેમના કેબિનેટના સભ્યોએ શપથ લીધા હતા. ગઈકાલે કેબિનેટની બેઠક યોજાઈ હતી જેમાં ઉજવણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પબ્લિસીટીના કાર્યક્રમો તૈયાર કરવા માટે મુખ્યમંત્રીએ ચીફ સેક્રેટરી જેએનસિંહને આદેશ કરી દીધો છે. અન્ય સુચનાઓ પણ આપવામાં આવી છે. તમામ સેક્રેટરીઓને કાર્યક્રમોને લઈને સંબંધિત વિસ્તારમાં સરકારની સિદ્ધિઓની યાદી તૈયાર કરવા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય સરકાર ૨૬મી ડિસેમ્બરના દિવસે કાર્યક્રમ યોજનાર છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પણ ઉજવણીના કાર્યક્રમો તૈયાર કરવામાં આવી રહ્યા છે. આ ગાળામાં જસદણ પેટાચૂંટણી યોજાનાર છે. ત્રણ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામ ભાજપની વિરુદ્ધમાં આવ્યા હોવા છતાં આને ભુલી જઈને ભારતીય જનતા પાર્ટી નવેસરથી આક્રમક રણનીતિ સાથે આગળ વધવા માટે તૈયારી કરી ચુકી છે. ૨૫મી ડિસેમ્બરથી ઉજવણીના કાર્યક્રમો શરૂ થશે.

# મહેતાપુરાની ફાયનાન્સની ઓફીસમાં હુમલો કરનાર ત્રણ હુમલાખોરો પકડાયા

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ એક ફાયનાન્સની ઓફીસમાં અગાઉ થયેલા ઝગડાની અદાવત રાખીને ખુલ્લી તલવારો સાથે આવેલા ત્રણ હુમલાખોરોએ દેકારો મચાવી તલવારથી એક જણાને ઈજા કરી સોનાનો દોરો લુંટી ભાગી ગયેલા ત્રણ હુમલાખોરોને બી.ડીવીઝન પોલીસે મંગળવારે મોડી રાત્રે તેમના ઘરેથી ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે મહેતાપુરામાં જોધ ફાયનાન્સ નામની ઓફીસમાં સોમવારે રાત્રે અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને ચંદ્રપાલસિંહ ભાટી, અતુલકુમાર ઉર્ફે ચુનુ દિપકભાઈ વાળંદ તથા દિપક મદનસિંહ સીસોદીયાએ ખુલ્લી તલવારો લઈ આવી ઓફીસમાં બેઠેલા નથ્થુભાઈ દેસાઈ પર હુમલો કરી હાથે ગંભીર ઈજા પહોંચાડી હતી. જે અંગે તેમના પુત્ર હર્ષે ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ બાદ પોલીસે ત્રણેય હુમલાખોરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતા.

દરમ્યાન બ્રહ્માણીનગર તથા પરબડામાં રહેતા ત્રણેય જણાને મંગળવારે મોડી રાત્રે તેમના ઘરેથી પોલીસે પકડી લીધા હતા. ત્યારબાદ બુધવારે બી.ડીવીઝન પોલીસે તેમના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી. પરંતુ તેમની રીમાન્ડ અરજી રદ કરાઈ હોવાનું આધારભુત સુત્રોમાંથી જણાવાયું છે. એવું પણ જાણવા મળ્યું છે કે પકડાયેલા શખ્સો પૈકી એક જણાએ કોર્ટમાં માર માર્યો હોવાનો આક્ષેપ કરતી ફરીયાદ કરી છે.

# કંથારીયામાં સામાન્ય બાબતે ઝગડો થતા ચાર સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧૩

વિજયનગ તાલુકાના કંથારીયા ગામે પાંચ દિવસ અગાઉ સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ બુમાબુમ થતા ચાર જણાએ ભેગા મળી ત્રણ જણાને ઈજા પહોંચાડતા તે અંગેની ફરીયાદ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે કંથારીયા ગામના રમીલાબેન શંકરભાઈ મોડીયાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૯ ડિસેમ્બરના રોજ અલ્પેશભાઈ સવજીભાઈ ખરાડી, નરેશભાઈ સવજીભાઈ ખરાડી, ચંદુભાઈ સવજીભાઈ ખરાડી અને સવજીભાઈ બાબુભાઈ ખરાડીએ રમીલાબેન નજીક ઉભા રહીને બુમાબુમ કરતા રમીલાબેને બુમાબુમ કરવાની ના પાડી હતી. જેથી આ ચારેય જણાએ ઉશ્કેરાઈ જઈ રમીલાબેનના માથામાં લાકડીઓ ફટકારતા તેણીએ બુમાબુમ કરી હતી. જેથી શંકરભાઈ તથા સુરેશભાઈએ આવીને વચ્ચે પડતા તેમને પણ આ ચારેય જણાએ હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જેથી રમીલાબેને ચારેય જણા વિરૂદ્ધ બુધવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# મહુવામાં સિંહે એકને ફાડી ખાતાં ચકચાર

## સિંહે કયા સંજોગોમાં હુમલો કર્યો તે તપાસનો વિષય : સિંહ દ્વારા માછીમાર પર હુમલો કરી ફાડી ખાવાની ઘટના સામાન્ય રીતે સિંહ માણસ પર હુમલા નથી કરતા

અમદાવાદ, તા.૧૩

થોડા સમય પહેલાં જ સાસણ ગીરના દેવળીયા સફારી પાર્કમાં બે સિંહો દ્વારા હુમલો કરતાં એક કર્મચારીનું મોત થયું હતું અને ગીરમાં એક સિંહણને પામવાની હોડમાં ક્રોધિત સિંહે ખેડૂતોનો ત્રણ કિમી પીછો કર્યો હતો ત્યાં આજે સિંહ દ્વારા માનવ પર હુમલાની વધુ એક ઘટના સામે આવી છે. ભાવનગરના મહુવા ખાતે પિંગલેશ્વર નજીક એક સિંહે સ્થાનિક માછીમાર પર હુમલો કરી ફાડી ખાતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સિંહના હુમલા અને માછીમારને ફાડી ખાવાની ઘટના બાદ સ્થાનિક ગ્રામજનો અને રહીશોમાં ભારે ફફડાટની લાગણી પણ ફેલાઈ ગઈ હતી. આ બનાવને લઈ વનવિભાગના અધિકારીઓએ પણ તપાસ હાથ ધરી હતી. ખાસ કરીને સિંહે કયા સંજોગોમાં માછીમારને હુમલાનો શિકાર બનાવ્યો તે મામલે તપાસ શરૂ કરી છે. કારણ કે, સામાન્ય સંજોગોમાં સિંહ માણસનો શિકાર કરતા નથી. જો તેને છંછેડાય અથવા તો બહુ હેરાન કરાય તો હુમલો કરતો હોય છે. વળી, મોટાભાગના કિસ્સામાં સિંહ હુમલો કરી માણસને બહુ બહુ તો ઘાયલ કરી નાસી જતો હોય છે બહુ ઓછા કિસ્સામાં તે માણસને ખાઈ જાય છે. તેથી પ્રસ્તુત કેસમાં કયા સંજોગોમાં માછીમાર પર સિંહે હુમલો કર્યો તેની તપાસ વનવિભાગના અધિકારીઓ ચલાવી રહ્યા છે. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, ભાવનગરના મહુવા ખાતે પિંગલેશ્વર નજીક એક સિંહે સ્થાનિક માછીમાર ૩૭ વર્ષીય રામભાઈ ચૂડાસમા માછીમારી કરવા જઈ રહ્યા હતા ત્યારે અચાનક એક સિંહે તેમની પર હુમલો કર્યો હતો અને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. આજે સવારે તેમનો મૃતદેહ મળી આવતાં સ્થાનિકોએ વનવિભાગના અધિકારીઓ અને પોલીસને જાણ કરી હતી. જેને પગલે તંત્રના અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને જરૂરી તપાસ હાથ ધરી હતી. આ ઘટના રાત્રે બે વાગ્યાની આસપાસ બની હોવાનું મનાઈ રહ્યું છે. પોલીસ અને વનવિભાગના અધિકારીઓએ હવે સ્થાનિકોના નિવેદન અને પૂછપરછ કરી સમગ્ર મામલે ઝીણવટભરી તપાસ હાથ ધરી છે. જો કે, આ બનાવને પગલે હાલ તો સ્થાનિકોમાં સિંહના હુમલાની દહેશત અને ફફડાટની લાગણી ફેલાઈ ગઈ છે.



# જસ્ટિસ શાહના સત્કાર રૂપે વિશેષ કાર્યક્રમ યોજાશે

અમદાવાદ, તા.૧૩

ગુજરાત બાર કાઉન્સીલ દ્વારા તાજેતરમાં સુપ્રીમકોર્ટમાં નિયુકત થયેલા આપણા ગુજરાતના જસ્ટિસ શ્રી એમ.આર.શાહ અને સુપ્રીમકોર્ટના સોલીસીટર જનરલ તુષાર મહેતાના સત્કાર સમારોહનું તા.૧૬મી ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટના ઓડિટોરિયમ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. જસ્ટિસ શ્રી એમ.આર.શાહે ગુજરાત હાઈકોર્ટમાં વરિષ્ઠ ન્યાયમૂર્તિ તરીકે અને ગુજરાતના ન્યાયતંત્રનું નામ રોશન કરી સમગ્ર ન્યાયતંત્ર માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડયું હોવાથી તેમ જ અગાઉ શ્રી તુષાર મહેતાએ પણ હાઈકોર્ટમાં એડિશનલ એડવોકેટ જનરલ તરીકે સેવાઓ આપી હોવાથી તેઓના સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. આ સત્કાર સમારોહમાં રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગુજરાત હાઈકોર્ટના એકટીંગ ચીફ જસ્ટિસ શ્રી અનંત એસ.દવે, રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, એડવોકેટ જનરલ કમલભાઈ બી.ત્રિવેદી ઉપરાંત ગુજરાત બાર કાઉન્સીલના ચેરમેન દિપેન કે.દવે, પૂર્વ ચેરમેન અનિલ સી.કેલ્લા, એકઝીકયુટીવ કમીટીના ચેરમેન કરણસિંહ બી.વાઘેલા સહિતના અનેક મહાનુભાવો ખાસ હાજરી આપશે. ઉલ્લેખનીય છે કે, ત્રણેક મહિના પહેલાં શહેરમાં બિસ્માર રસ્તાઓ, આડેધડ પાર્કિંગ અને રખડતા ઢોરોની સમસ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટના તત્કાલીન વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટિસ શ્રી એમ.આર.શાહે અમ્યુકો, પોલીસ તંત્ર સહિતના સત્તાધીશોને કરેલા અસરકારક નિર્દેશોનું જ પરિણામ છે.

## આજે પાલનપુર તાલુકાના ખસા ખાતે સેવાસેતુ કાર્યક્રમ

પાલનપુર, તા. ૧૩

રાજય સરકારશ્રીની પ્રજાલક્ષી વ્યક્તિગત યોજનાઓનો લાભ પ્રજાને મળતો રહે, વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણું જળવાઈ રહે તે માટે વ્યક્તિગત પ્રશ્નો અને સેવાઓ લોકોના રહેઠાણના નજીકના સ્થળે, તે જ દિવસે મળી રહે તેવા હેતુથી તાલુકા કક્ષાએ સેવા સેતુ-૪ કાર્યક્રમ તા. ૧૪-૧૨-૨૦૧૮, શુક્રવારના રોજ સવારે ૯ કલાકથી સાંજના ૫ કલાક સુધી ખસા પ્રાથમિક શાળા, મુ.ખસા તા.પાલનપુર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં દાક્તરી તપાસ અને સારવાર, બેંકને લગતી કામગીરી, આધારકાર્ડ, એસ.ટી.બસ પાસ, આર્થિક લાભની સેવાઓ, મહેસૂલી સેવાઓ ઉપર જણાવેલ ગામોના લોકોને લાભ લેવા મામલદાર પાલનપુર દ્વારા જણાવાયું છે.

## કોકડું ગુંચવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

નારેબાજી કરી હતી. એરપોર્ટની બહાર હજારોની સંખ્યામાં લોકો અશોક ગેહલોતને મુખ્યમંત્રી બનાવાની માંગ ઉપર મક્કમ રહ્યા હતા. સચિન પાયલોટ અને ગેહલોતના સમર્થકો વચ્ચે ઝપાઝપી પણ થઈ હતી. એરપોર્ટની બહાર મોટી સંખ્યામાં પોલીસ જવાનો ગોઠવવામાં આવ્યા હતા. ગેહલોતના આવાસની બહાર પણ લોકો એકત્રિત થયા હતા. સચિન પાયલોટના સમર્થકોએ પણ કરોલીમાં નાકાબંધી કરી હતી. ટ્રાફિકજામ કરીને કેટલાક ટાયરો સળગાવ્યા હતા. બંને રાજ્યોમાં જોરદાર મડાગાંઠ રહી હતી. બીજી બાજુ રાહુલ ગાંધીએ કમલનાથ અને સિંધિયાની સાથે બેઠક યોજી હતી. નામની જાહેરાત આજે નહીં કરવામાં આવે તેમ પણ માનવામાં આવે છે. જ્યોતિરાદિત્ય સિંધિયા અને કમલનાથ મોડેથી ભોપાલ જવા રવાના થયા હતા. પાર્ટીના ધારાસભ્યો સાથે બેઠક યોજશે ત્યારબાદ નિર્ણય લેવામાં આવશે. ભોપાલમાં પ્રદેશ કાર્યાલયોની બહાર સમર્થકોએ હોબાળો મચાવ્યો હતો. ચાર ડઝનથી વધુ યુવાનોએ હોર્ડિંગ લગાવીને દેખાવો કર્યા હતા. કાર્યકરોમાં ભારે ઉત્સાહ દેખાયો હતો. એકબાજુ મધ્યપ્રદેશમાં કમલનાથને અને રાજસ્થાનમાં ગેહલોતને હજુ પણ ફેવરિટ ગણવામાં આવે છે.

## રેડકોર્નર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આરોગ્યને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. સુત્રોએ કહ્યું છે કે, આ મામલો પાંચ સભ્યોની ઈન્ટરપોલની કમિટિ સમક્ષ ઉઠાવવામાં આવ્યો હતો. રેડકોર્નર નોટિસ એક પ્રકારની ફરાર અપરાધી માટે ધરપકડ વોરંટ તરીકે છે. જેના ભાગરુપે ઈન્ટરપોલ સભ્ય દેશોને આરોપીની ધરપકડ કરવા માટે અપીલ કરે છે. પંજાબ નેશનલ બેંક સાથે વ્યાપક છેતરપિંડી કરવામાં આવી હતી. ફોરેન લેટર્સ ઓફ ક્રેડિટ અને લેટર્સ ઓફ અન્ડરટેકિંગના ભાગરુપે છેતરપિંડી કરવામાં આવી હતી. સીબીઆઈએ બે ચાર્જશીટ આ કૌભાંડમાં બંને સામે જારી કરી છે જેના ભાગરુપે નિરવ મોદી અને ચોક્સી બંનેનો સમાવેશ થાય છે. પોતાની ચાર્જશીટમાં સીબીઆઈએ ૭૦.૮ અબજ રૂપિયાની છેતરપિંડી કરવાનો આક્ષેપ કર્યો છે. દેશના સૌથી મોટા બેંકિંગ કૌભાંડ પૈકીના એક તરીકે આને ગણવામાં આવે છે. નિરવ મોદીએ ૬૦ અબજ રૂપિયાની ઉપાપત કરી હતી. ચોક્સીની કંપનીઓને ૫૦ અબજ રૂપિયાના ડિફોલ્ટના મામલામાં પણ તકલીફ પડી રહી છે. સીબીઆઈ આ મામલામાં પણ તપાસ કરી રહી છે. ચોક્સીની કંપનીઓ સામે વધારાની લોન ડિફોલ્ટ કેસના મામલે ઉંડી તપાસનો દોર ચાલી રહ્યો છે. એવો આક્ષેપ કરાયો છે કે, નિરવ મોદી અને ચોકસીએ વારંવાર એલઓયુ અને લેટર્સ ઓફ ક્રેડિટ મારફતે તેમને આપવામાં આવેલી ગેરંટીનો ઉપયોગ કરીને ભારતીય બેંકોની જુદી જુદી શાખાઓ પાસેથી જંગી નાણાં મેળવી લીધા હતા. એલઓયુ ભારતીય બેંકોને જારી કરવામાં આવતી એક બાંહેધરી તરીકે હોય છે. અરજીદારને ટુંકાગાળાની ક્રેડિટ આપવા માટે આમા કહેવામાં આવે છે. મેહુલ ચોક્સી અને નિરવ મોદી ઉપર દિનપ્રતિદિન હવે સકંજો ધુ મજબૂત કરવામાં આવી રહ્યો છે. ફંડ ટ્રાન્સફર કરવા માટેના આદેશો બેંક કર્મચારીઓ દ્વારા જારી કરવામાં આવ્યા હતા. બેંકિંગ સિસ્ટમ સ્વિફટ માટે ઈન્ટરનેશનલ મેસેજિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને ગોકુલનાથ શેટ્ટી દ્વારા ફંડ ટ્રાન્સફર માટેના આદેશ જારી કરવામાં આવ્યા હતા. ઈન્ટરપોલ દ્વારા મેહુલ ચોક્સી સામે રેડ કોર્નર નોટિસ જારી કરતા તેમની ધરપકડ માટેનો માર્ગ મોકળો થઈ રહ્યો છે.

## ઠંડીનું મોજુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન પણ સારી એવી ઠંડી અનુભવાઈ હતી. સવારે સ્કૂલે જતા બાળકોથી લઈને ઓફિસે જતાં કર્મચારીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયેલા નજરે ચઢ્યા હતા. બપોરનો તડકો પણ હુંફાળો લાગે તેવુ વાતાવરણ રહ્યુ હતુ. આખો દિવસ તડકાની મોજ માણી શકાય તેવી ઠંડક પ્રસરી હતી.

સાંજ પડતા જ અને સૂર્યાસ્ત થતાં જ ઠંડી વધુ આકરી બની હતી. ઠંડા પવનો વધુ તીવ્ર બનતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. બજારોમાં પણ ચહેલપહેલ ઓછી થઈ ગઈ હતી. તાપણાં સળગાવી ગરમાવો મેળવવાનો પ્રયાસ કરતા ઘણાં શ્રમિકો જોવા મળ્યા હતા. ઠંડીના કારણે બજારો વહેલા બંધ થઈ ગયા હતા. તો બાગ-બગીચાઓ એકદમ સુના પડી ગયા હતા. ગરમ વસ્ત્રોના બજારમાં વધુ ચહલપહલ જોવા મળી હતી.

હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે-ત્રણ દિવસ હજુ તીવ્ર ઠંડીનું મોજુ યથાવત રહેશે. જેના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રીની નીચે સરકી જવાની પૂરેપૂરી શક્યતા છે.

## સર્કલોને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સર્કલ એરિયાને અનુલક્ષીને ડિઝાઈન તૈયાર કરી દેવાઈ છે. જયારે આ અન્વયે માર્ગ મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓએ પણ રસ દાખવી નગરના સર્કલોના વિસ્તારને યુરોપની પેટર્ન પર વિકસાવવા માટે આયોજન કરી દીધુ છે. જો કે પ્રથમ તબક્કામાં માત્ર ચ- ૩ ના સર્કલ પર પ્રયોગિક ધોરણે કામગીરી હાથ ધરાશે. જેના અંતે નગરના અન્ય ત્રણ સર્કલોને પણ આ ડિઝાઈનથી નિખારવામાં આવશે. જેમાં ચ-૩ ના સર્કલ ઉપરાંત ચ-૫, ઘ-૩ અને ઘ-૫ ના સર્કલનો સમાવેશ થાય છે. લાસાએ તૈયાર કરેલી આ નવી ડિઝાઈન અન્વયે ચારેય સાઈટમાંથી કર્બિંગ ઉંચા કરવાનુ આયોજન કરાયુ છે.જયારે સર્કલ ફરતેનો વિસ્તાર ૨૦ સે મી જેટલો ઉંચો કરી દેવાશે. જયારે ચારેબાજુ ઝીબ્રા ક્રોસિંગ કરવામાં આવશે. સર્કલ ફરતેના ભાગમાં થર્મોપ્લાસ્ટીકનો પેઈન્ટ કરાશે જેથી વચ્ચેનો વિસ્તાર દુરથી જ હાઈલાઈટ થશે. વાઈબ્રન્ટ પુર્વે ચ-૩ નુ સર્કલ તૈયાર કરી દેવાશે. સર્કલની ચારેય દિશાઓમાં કર્બિંગને અનુલક્ષીને રેલીંગ પણ તૈયાર કરી દેવાશે. જેથી કોઈપણ રાહદારી વચ્ચેથી રોડ ક્રોસ નહીં કરી શકે આમ સર્કલ વિસ્તારની આ ડિઝાઈનમાં રોડ સેફટીના પરિબળો તરફ પણ વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. સર્કલો પર વાહનો પલ્ટી મારવાના બનાવોને પણ અટકાવી શકાશે તેમજ સર્કલ વિસ્તારનો નઝારો પણ બદલાશે. યુરોપની પેટર્ન પર સર્કલ એરિયા ડેવલપ કરવાની આ યોજના અન્વયે સર્કલ પણ નાનુ કરવામાં આવશે. વાઈબ્રન્ટ બાદ અન્ય સર્કલોને અનુલક્ષી કામગીરી હાથ ધરાશે. યુરોપની પેટર્ન પર સર્કલ વિસ્તારને ડેવલપ કરવા માટે અંદાજિત રૂ ૪ કરોડના ખર્ચનો અંદાજ છે. સર્કલ એરિયાને નવી પેટર્નથી સુશોભિત કરવાની આ યોજનાના અંતે નગરના રોડ નેટવર્કનો નઝારો બદલાશે. જયારે નગરના મુખ્ય ઘ અને ચ માર્ગ પર ના ચારેય સર્કલ વિસ્તારમાં આ કામગીરી હાથ ધરાયા બાદ મુખ્યમાર્ગો પરના સર્કલો સાચા અર્થમાં નગરની આગવી ઓળખ સમા બની રહેશે.

## લાયસન્સ રદ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવશે. આ મામલે આર ટી ઓ કચેરીએ જિલ્લા પોલીસ તંત્રને પણ પત્ર લખી જાણ કરી છે. આવા કિસ્સામાં લાયસન્સ જમા લીધા બાદ પોલીસે કાર્યવાહી કરીને્ આર ટી ઓ કચેરીને લાયસન્સ જમા કરાવવા માટે પણ જણાવાયુ છે. ફેટલ અકસ્માતના કિસ્સામાં ખાસ લાયસન્સ જમા થાય તે માટે ખાસ સુચના આપવામાં આવી છે. જયારે દોષિત વાહનચાલકોનુ લાયસન્સ જમા થશે તો જ આર ટી ઓ દ્વારા અકસ્માતના વાહનનુ ચેકીંગ સહીતની કાર્યવાહી કરાશે તેમ પણ જણાંવાયુ છે.